# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૪-A તા.૦૬-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તમાકુના સેવનથી થતા નુકશાન અંગે લોકજાગૃતિના ભાગરૂપે વિદ્યાર્થીઓની વક્તૃત્વ સ્પર્ધા યોજવા બાબત.

સંદર્ભ :- હેલ્થ વિભાગ,અ.મ્યુ.કો. ઈ.નં.૮૧૭ તા.૦૬-૦૭-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કુમળી વયના બાળકોમાં વધી રહેલ તમાકુના સેવનને અટકાવવાની જાગૃતિના ભાગરૂપે ધો.૮ના બાળકોની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન નીચે જણાવ્યા પ્રમાણે કરવા જણાવવામાં આવે છે.

- વક્તૃત્વ સ્પર્ધાનો વિષય : ''તમાકુ સેવન કેમ ન કરવું''
- શહેર કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા : તા.૨૩-૦૮-૨૦૨૪
- શહેર કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું સ્થળ : એલિસબ્રીજ શા.નં.૨/૨૪, પાલડી

સૂચના :-

૧. શહેરકક્ષાની વકતૃત્વ સ્પર્ધા પહેલા તા.૨૧-૦૮-૨૦૨૪ સુધીમાં બીટ કક્ષાની અને ઝોનકક્ષાની વકતૃત્વ સ્પર્ધા જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારી દ્વારા સ્થળ અને તારીખ નકકી કરીને કરવાની રહેશે.

૨. શહેરકક્ષાની વકતૃત્વ સ્પર્ધા માટે ઝોન દીઠ એક-એક વિદ્યાર્થીઓના નામ સાથેની વિગતો તા.૨૨-૦૮-૨૦૨૪ના રોજ સંચાલક,નૂતન તાલીમ વિભાગને મોકલી આપવાની રહેશે.

૩. શહેરકક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન અધિક આરોગ્ય અધિકારી,એ.એમ.સી. સાથે સંકલન કરી સંચાલક,નૂતન તાલીમ વિભાગે કરવાનું રહેશે.

૪. બીટ કક્ષા તથા ઝોન કક્ષાના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાના રહેશે.

૫. શહેર કક્ષાની સ્પર્ધા પૂર્ણ થયેથી ફોટોગ્રાફ તથા અહેવાલ ડે.મ્યુનિ.કમિશનર હેલ્થ એન્ડ હૉસ્પિટલને સંચાલક,નૂતન તાલીમ વિભાગ દ્વારા મોકલવાનો રહેશે.

તા.૦૬-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી